# પેપ્સી દ્વારા સૌ પ્રથમ વખત યંગીસ્તાનીઓ માટે ગીત રચાયું

અમદાવાદ,

પેપ્સી તેની તાજા કેમ્પેઈનમાં તેના પ્રકારના પ્રથમ યંગીસ્તાન એન્થમની રજૂઆત કરી છે. દેશના યુવાનોએ ગીતકારની ભૂમિકા ભજવીને "યંગીસ્તાન કા વાઉ" નામનું ગીત તૈયાર કર્યું છે, જ્યારે લોકપ્રિય સંગીતકારો વિશાલ અને શેખરે આ ગીત માટે આકર્ષક સંગીત આપ્યું છે. આ ઉપરાંત મ્યુઝિક ઈવનિંગ સાથે ગ્રાન્ડ ફાઈનલનું આયોજન કરાયું હતું, જેમાં વિશાલ અને શેખરે વિજેતાઓ સાથે આ ગીતનું લોકાર્પણ કર્યું હતું.

યંગસ્ટર દ્વારા સર્જીત "યંગીસ્તાન કા વાઉ" ગીત સદાબહાર તાજગીની પેપ્સીની બ્રાન્ડ ઓળખનું પ્રતિક છે. ૨૩ શહેરોમાં વ્યાપક રેડિયો પ્રચાર ઝુંબેશના ભાગરૂપે પેપ્સીએ યુવાનોને "યંગીસ્તાન કા વાઉ" નો તેમના માટે શું અર્થ છે તે અંગે પોતાના વિચારો રસપ્રદ શબ્દો, વર્ણન અને શબ્દસમુહ દ્વારા રજૂ કરવા માટે યુવાનોને આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. હજારો યુવકોએ સૌથી વધુ રસપ્રદ અને જોરદાર પ્રતિસાદ આપ્યો હતો. આમાંથી પસંદગીના યુવાનોને આ ગીતની રચનાનો જ નહીં, પરંતુ વિશાલ અને શેખર સાથે એક મંચ પર હાજર રહીને આ ગીતને લાઈવ થતા જોવાનો પણ મોકો મળ્યો હતો.

શ્રી સંદીપ સીંઘ અરોરા, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ-માર્કેટીંગ, કોલા, પેપ્સીકો ઈન્ડિયા જણાવે છે કે "યંગીસ્તાન કા વાઉ" એ યુવાનોના ગજબના વિચારો, અભિપ્રાયો, અભિગમો, જ્ઞાન તથા કામગીરીને વાચા આપતું ગીત છે. એવું લાગે છે કે આ ગીત ભારતના યુવાનોની નસોમાં દોડી રહ્યું છે. પોતાની ઢબથી કામગીરી કરવા ટેવાયેલા યુવાનો માટે આ એક પ્રેરણાદાયી ગીત છે.

વિશાલ અને શેખરના જણાવ્યા મુજબ "પેપ્સીએ જ્યારે અમને આ ગીત માટે સંપર્ક કર્યો ત્યારે અમને તેનો હિસ્સો બન્યાનો રોમાંચ થયો હતો.